# બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

(વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ ૪માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે)

**ધોરણ ૪**



## પ્રેરણા

**શ્રીમતી પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

## માર્ગદર્શન

**શ્રી પ્રકાશ ત્રિવેદી**
સચિવ, સમગ્ર શિક્ષા

**શ્રીમતી જયશ્રી દેવાંગન (GAS)**
એએસપીડી, સમગ્ર શિક્ષા

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક, જીસીઈઆરટી

## સંપાદન - સંકલન

**સૂચિતભાઈ પ્રજાપતિ**

**અનિલભાઈ ઉપાધ્યાય**
સમગ્ર શિક્ષા

**ધર્મેશ રામાનુજ**

## લેખન / પરામર્શન

મિનેશકુમાર વાળંદ
તૃપ્તિ વાઘેલા
મિનેશભાઈ પંચાલ
મનીષભાઈ સુથાર
મહંમદરફીક મનસુરી
ભરતભાઈ બગોદરિયા
શૈલેષ બાવા (પ્રાચાર્ય)
દક્ષાબેન ખડાયતા

# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

## સમગ્ર શિક્ષા વેબસાઈટ : ssagujarat.org/StudyFromHome.html




ગુજરાત સરકાર દ્વારા બાયસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ

BISAG

www.vande.gujarat.gov.in

VANDE GUJARAT

બાયસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાયસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે.
DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.

DIKSHA
https://diksha.gov.in/

YouTube
Gujarat e-Class Samagra Shiksha

Gujarat E Class

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

# બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

## ધોરણ ૪




ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે,સૌ આગળ વધે
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
ગાંધીનગર

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, વર્તમાન સમયમાં છેલ્લા એક વર્ષથી આપણે સૌ કોરોનાની મહામારી સાથે ઝઝૂમી રહ્યા છીએ. આ વિષમ પરિસ્થિતિમાં મોટેભાગે વિદ્યાર્થીઓને શાળામાં હાજર રાખી શકાયા નથી પરંતુ આપણે શિક્ષણકાર્ય બંધ રાખ્યું નથી. આપણે વર્ચ્યુઅલ રીતે આપણું શિક્ષણકાર્ય સાતત્યપૂર્ણ રીતે થાય એવા શુભાશયથી ધોરણ ૧ થી ૧૨ સુધીના સમગ્ર અભ્યાસક્રમને એપિસોડ (તાસ)માં વિભાજિત કરીને દૂરદર્શન કેન્દ્રની ડી.ડી. ગિરનાર ચેનલ તેમજ બાયસેગ મારફતે શિક્ષણ ઘરે-ઘરે પહોંચે તેવા પ્રામાણિક પ્રયત્નો કરવામાં આવ્યાં. સાથે-સાથે શિક્ષકમિત્રો દ્વારા સમયાંતરે સ્માર્ટ ફોન દ્વારા શિક્ષણ, ઘરે-ઘરે વાલી વિદ્યાર્થીઓનો સંપર્ક કરી ને પાઠ્યપુસ્તક વિતરણ, એકમ કસોટી, નિદાન કસોટી, શેરીશિક્ષણ તેમજ વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા પ્રત્યક્ષ શૈક્ષણિક માર્ગદર્શન આપવાના સાર્થક પ્રયાસો કરવામાં આવ્યા. ગુજરાત વર્ચ્યુઅલ શાળા (GUS) અંતર્ગત ઓન લાઈન ક્લાસ પણ ચલાવવામાં આવ્યા. હોમલર્નિંગ અંતર્ગત આ તમામ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગરની વેબસાઈટ, Diksha પ્લેટફોર્મ અને ગુજરાત ઈ ક્લાસ સમગ્ર શિક્ષા યુ-ટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે. તેનાથી આપ સૌ અવગત છો.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્યમાં આપે ગત વર્ષ દરમિયાન પોતાના ધોરણનું શિક્ષણ હોમ લર્નિગ અને અન્ય માધ્યમથી પ્રાપ્ત કર્યું છે. ત્યારે તેને બળવત્તર બનાવવાના હેતુથી આ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં આપવામાં આવેલ પ્રશ્નો, દાખલા અને ઉકેલ જેવી બાબતોનું લેખન કરવાનું છે. જ્યાં જરૂર જણાય ત્યાં પોતાની નોટબૂકમાં લખવાનું - ગણવાનું રહેશે. આગામી નવીન શૈક્ષણિક સત્ર જ્યારે શરૂ થાય ત્યારે આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય અને તેને આધારે વિદ્યાર્થીઓએ કરેલ લેખનની નોટબૂક આપના શિક્ષકો દ્વારા ચકાસી જરૂરી ઉપચારાત્મક કાર્ય પણ કરાવવામાં આવશે.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય વિદ્યાર્થીઓ માટે તેમને પ્રાપ્ત કરેલ જ્ઞાન અને શીખવાના જ્ઞાન વચ્ચે મહત્વના સેતુરૂપ બની રહેશે. એવી શ્રદ્ધા છે.

**પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

# ‘જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ’ના ઉપયોગ સંદર્ભે...

હોમ લર્નિંગ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થઓનું એક વર્ષ પૂર્ણ થાય છે. હવે જ્યારે વિદ્યાર્થી નવા શૈક્ષણિક વર્ષમાં આવે છે ત્યારે તેમના આગળના શૈક્ષણિક વર્ષના પ્રારંભે તેમને ગયા વર્ષના ધોરણના અભ્યાસક્રમનો બ્રીજકોર્સ થાય તે હેતુસર તેમજ આ વર્ષના અભ્યાસક્રમની સમજણ માટે આગલા ધોરણની જે-જે અધ્યયન નિષ્પત્તિની સમજની જરૂર પડે તે દરેક અધ્યયન નિષ્પત્તિની સમજ માટે આ **‘જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ’** પુસ્તિકાનું નિર્માણ થયેલ છે.

આ **‘જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ’** પુસ્તિકાનો અર્થસભર ઉપયોગ કરી શકાય તે માટેની અગત્યની બાબતો આ મુજબ છે :

- આ પુસ્તિકા ગત વર્ષની કક્ષાના અભ્યાસક્રમને ધ્યાને લઈ નિર્માણ થયેલ છે. એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન હોમ લર્નિંગ અંતર્ગત ઘરે રહીને પૂરા વર્ષ દરમ્યાન અભ્યાસ કરેલ ધોરણનો અભ્યાસક્રમ આગળના ધોરણમાં જતા પહેલાં બ્રીજકોર્સ તરીકે પૂર્ણ કરશે અને પછીજ આગળના નવા ધોરણનો અભ્યાસક્રમ ચાલુ કરશે.
- આ પુસ્તિકાનું વિષયવસ્તુ અધ્યયન નિષ્પત્તિ અને અભ્યાસક્રમની અગ્રિમ બાબતોને ધ્યાને લઈ નિર્માણ કરેલ હોવાથી પુસ્તિકાના વિષયવસ્તુના દરેક ઉદાહરણોનો પૂર્ણ મહાવરો વિદ્યાર્થી દ્વારા સમયમર્યાદામાં થાય તે જરૂરી છે.
- આપે આ પુસ્તિકાનો ઉપયોગ ગત વર્ષના પાઠ્યપુસ્તક સાથે રાખી કરવાનો છે. આ પુસ્તિકાનો કઈ રીતે ઉપયોગ કરવો તે અંગે આપના શિક્ષક દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માર્ગદર્શન આપવામાં આવશે.
- આ પુસ્તિકાના વિષયવસ્તુ આધારિત સમજ નિર્માણ કરવામાં સહાયક વિડીઓ સામગ્રી પણ નિર્માણ થયેલ છે જેથી તેનું પ્રસારણ ટીવી, મોબાઈલ અને અન્ય ડીજીટલ માધ્યમો દ્વારા પ્રસારિત થનાર છે. તારીખવાર ચોક્કસ સમયપત્રક પ્રમાણે વિદ્યાર્થીઓ પ્રસારણ ધ્યાનથી નિહાળે તે જરૂરી છે.
- એપિસોડનાં પ્રસારણ દરમ્યાન **‘જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ’** પુસ્તિકામાંથી શક્ય હોય તેટલા દ્રષ્ટાંતની સમજ આપવાનો પ્રયાસ તજજ્ઞ દ્વારા થશે પરંતુ પુસ્તિકાના અન્ય બાકી રહેતા ઉદાહરણોનો મહાવરો વિદ્યાર્થીએ જાતે વાલી / મોટા ભાઈબહેન / શિક્ષકની મદદથી કરવાનો રહેશે.

**(પ્રકાશ કે. ત્રિવેદી)**
સચિવ, સમગ્ર શિક્ષા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ચાલો યાદ કરીએ... | ૧ |
| ૨. | કદમ - ૧ | ૬ |
| ૩. | કદમ - ૨ | ૧૧ |
| ૪. | કદમ - ૩ | ૧૬ |
| ૫. | કદમ - ૪ | ૨૧ |
| ૬. | કદમ - ૫ | ૨૫ |
| ૭. | કદમ - ૬ | ૨૯ |
| ૮. | કદમ - ૭ | ૩૪ |
| ૯. | કદમ - ૮ | ૩૮ |
| ૧૦. | કદમ - ૯ | ૪૩ |
| ૧૧. | કદમ - ૧૦ | ૪૭ |
| ૧૨. | ચાલો, ચકાસીએ | ૫૨ |

# ચાલો યાદ કરીએ...

**પ્રશ્ન-૧. તમને મનપસંદ ચિત્ર દોરો અને તેમાં રંગ પૂરો.**

**પ્રશ્ન-૨. નીચેના શબ્દોનું અનુલેખન કરો.**

| | | | |
|---|---|---|---|
| પપૈયું | ____________ | મૂર્તિ | ____________ |
| શ્રીરામ | ____________ | રંગબેરંગી | ____________ |
| વિશ્વાસ | ____________ | પ્રતિબિંબ | ____________ |
| ડૉક્ટર | ____________ | ચામચીડિયું | ____________ |
| ફુવારો | ____________ | નિશ્ચય | ____________ |

**પ્રશ્ન-૩. શબ્દોને યોગ્યક્રમમાં ગોઠવી વાક્ય લખો.**

૧. રમે છે મેદાનમાં છોકરીઓ.

______________________________

૨. ચરે બકરીઓ છે વનવગડામાં.

______________________________

૩. ગાડીમાં છે ગીતા બેઠી.

______________________________

૪. રજા રવિવારની કાલે છે.

______________________________

૫. દરમાં રહે ઉંદર છે.

______________________________

**પ્રશ્ન-૪. સૂચના મુજબ શબ્દો લખો.**

૧. 'મ' થી બનતા પાંચ શબ્દો લખો.

________ ________ ________ ________ ________

૨. 'ન' થી બનતા પાંચ શબ્દો લખો.

________ ________ ________ ________ ________

૩. 'જ' થી બનતા પાંચ શબ્દો લખો.

________ ________ ________ ________ ________

૪. 'સ' થી બનતા પાંચ શબ્દો લખો.

________ ________ ________ ________ ________

**પ્રશ્ન-૧. વિચારો અને લખો.**

| શું તરે ? | શું ડૂબે ? |
| --- | --- |
| ______________________ | ______________________ |
| ______________________ | ______________________ |
| ______________________ | ______________________ |
| ______________________ | ______________________ |
| ______________________ | ______________________ |

**પ્રશ્ન-૨. ચિત્ર જોઈ શબ્દ પૂરો કરો.**

(૧)  ........ ધી.

(૨)  ........મે........

(૩)  ત........વા........

(૪)  ત.......બૂ........

**પ્રશ્ન-૩. ઉદાહરણ પ્રમાણે લખો.**

| કાચી | કેરી | પાકી | કેરી |
| --- | --- | --- | --- |
| | બોર | | બોર |
| | પપૈયું | પાકું | |
| | કેળાં | | કેળાં |
| | ઘડો | પાકો | |

**પ્રશ્ન-૪. સાચા શબ્દ પર √ અને ખોટા શબ્દ પર × ની નિશાની કરો.**

| | | | |
|---|---|---|---|
| સ્છચ્વ | | સ્વચ્છ | |
| હનુમાન | | હનુનામ | |
| રમકડાં | | રાકમડાં | |
| વસરાદ | | વરસાદ | |
| બિલાટી | | બિલાડી | |

**પ્રશ્ન-૫. સુ, સં, કુ નો ઉપયોગ કરી શબ્દ બનાવો.**

ઉદા. ગીત - સંગીત

(૧) ગંધ -


(૨) ટેવ -

(૩) લેખન -


**પ્રશ્ન-૬. નીચે આપેલ શબ્દોને વાંચો અને જોઈને ખાનામાં લખો. તેમજ તેના જેવા બીજા શબ્દ લખો.**

| | અનુલેખન | નવા શબ્દ |
|---|---|---|
| યજ્ઞ | | |
| શ્રુતિ | | |
| ઋષિ | | |
| ક્ષત્રિય | | |
| રૂમાલ | | |
| શ્રવણ | | |
| કૃષિ | | |
| ત્રિલોક | | |


## પ્રશ્ન-૭. આપેલ પ્રાણીના ચિત્ર સાથે તેની પૂંછડી જોડો.





















# કદમ - ૧

**પ્રશ્ન-૧. નીચેના વાક્યોને વાર્તાનાં ક્રમમાં ગોઠવો.**

(૧) ‘‘પણ ઘર હોય તો ઓછી ઠંડી લાગે.’’

(૨) શિયાળો શરૂ થયો.

(૩) ‘‘બિચારા વાંદરાભાઈ ઠંડીથી કેવા થથરે છે.’’

(૪) એક હતા વાંદરાભાઈ.

(૫) ‘‘આહા ! મળી ગઈ ઠંડી ભગાડવાની રીત.’’

(૧) ______________________________

(૨) ______________________________

(૩) ______________________________

(૪) ______________________________

(૫) ______________________________

**પ્રશ્ન-૨. પાઠ્યપુસ્તકના પાન નંબર ૩ (ત્રણ) ઉપરનાં ચિત્રનું અવલોકન કરી શિયાળાની ઋતુ વિશે પાંચ વાક્યો લખો.**

(૧) ______________________________

(૨) ______________________________

(૩) ______________________________

(૪) ______________________________

(૫) ______________________________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોનાં ઉત્તર લખો.**

(૧) સુઘરીબાઈએ વાંદરાઓને શું સલાહ આપી ?

(૨) વાંદરાઓને ઘર વગર કઈ-કઈ મુશ્કેલી પડી ?

(૩) વાંદરાઓએ ઠંડી ભગાડવા શું કર્યુ ?

(૪) 'વાંદરાભાઈનું ઘર' વાર્તાને આધારે ચોમાસા વિશે ત્રણ-ચાર લીટી લખો. ?

(૫) સુઘરીબાઈએ વાંદરાઓની ચિંતા શા માટે છોડી દીધી ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૪. પાઠ્યપુસ્તકનાં પાન નંબર-૧ ઉપરનાં ગીતનું વાંચન કરી સૂચના મુજબ કરો.**

(૧) નીચેના ગીતની પંક્તિ પૂર્ણ કરો.

ઉંદર રે' ........................................

..................................................

..................................................

......................................... જાળામાં

(૨) ગીતમાં આપેલ રહેઠાણોનાં નામ લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(૩) ગીતને આધારે સાચો વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.

(૧) ઉંદર રહે છે ______________ (દરમાં, ઘરમાં, બોડમાં)

(૨) ચામાચીડિયાં લટકે ______________ (ડાળે, ઝાડે, વાડે)

(૩) ને હું તો બાની ______________ (સોડમાં, ઘરમાં, પારણામાં)

(૪) ગીતને આધારે નીચેના પ્રશ્નોનાં ઉત્તર લખો.

(૧) બટેર તેતર ક્યાં રહે છે ?

______________________________

(૨) ચામાચીડિયાં ક્યાં જોવા મળે છે ?

______________________________

**પ્રશ્ન-૫. નીચે આપેલ બંને શબ્દોનો ઉપયોગ કરી ઉદાહરણ પ્રમાણે વાક્ય બનાવો.**

**ઉદાહરણ** : વાંચન, શોખીન

→ ટીકુબહેન તો શોખીન છે.

→ ટીકુબહેન તો વાંચનનાં શોખીન છે.

→ ટીકુબહેન તો વાંચનનાં ખૂબ શોખીન છે.

(૧) વાર્તા, દાદી

વાક્ય ______________________________

______________________________

______________________________

(૨) આજ્ઞા, મમ્મી-પપ્પા

વાક્ય ______________________________

______________________________

______________________________

(૩) દિવસ, અજવાળું

વાક્ય ______________________________

______________________________

______________________________

(૪) પલંગ, તલ્લીન

વાક્ય ______________________________________________

______________________________________________

______________________________________________

(૫) બૂમ, ગૂમ

વાક્ય ______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૬. 'વાંદરાભાઈનું ઘર' વાર્તામાં વપરાયેલા શબ્દોના અર્થ કોષ્ટકમાંથી શોધીને ( ) કરો અને આપેલ શબ્દની સામે લખો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સ | ફ | દ | ઈ | સ | જ્ઞ | ટા |
| અ | ળ | વા | ધ | ન | ર | ઢ |
| મ | સ | ગ | ત | મિ | લ | જ |
| ર | મ | ક | તો | ડા | મ | ય |
| ફ | વૃ | ક્ષ | મા | કો | મ | ળ |
| ળ | ડ | ન | વ | હ | લ | વી |
| ખ | દ | શા | ટ | વા | રી | સો |
| ન | વા | ઈ | ડ | ર | ત | ફ |

ઉદાહરણ : ઝાડ - વૃક્ષ

ઠંડી - ____________

નરમ - ____________

અચરજ - ____________

પવન - ____________

# કદમ - ૨

**પ્રશ્ન-૧. નીચેના વાક્યોનું અનુલેખન કરો.**

(૧) સૃજન અને પ્રદ્યોત બે પાક્કા ભાઈબંધ.

(૨) વરસાદનાં ફોરાં હસતાં હસતાં આવે છે.

(૩) "હે ભગવાન, આ છોકરો મને જંપવા જ દેતો નથી ?"

(૪) આકાશમાં દોડાદોડી, પડાપડીને ધમાચકડી થઈ રહી.


(૧) ______________________________

(૨) ______________________________

(૩) ______________________________

(૪) ______________________________

**પ્રશ્ન-૨. આપેલ ચિત્રમાંથી તફાવત શોધીને લખો.**




(૧) ______________________________

(૨) ______________________________

(૩) ______________________________

(૪) ______________________________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોનાં ઉત્તર લખો.**

(૧) મોટા વાદળાએ શાનાં વિશે ફરિયાદ કરી ?

(૨) 'વાદળાંની આંખોમાંથી આનંદની ધારા વહેવા લાગી' એટલે શું ?

(૩) પવનને શું ગમતું હતું ? એણે શું કામ શરૂ કરી દીધું ?

(૪) "વરસાદ હવે બંધ થયો" - ધરતી પરના લોકો એવું ક્યારે કહેવા લાગ્યાં ?

(૫) તમને વાદળ થવું ગમે ? શા માટે ?

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૪. ધોરણ ૩ના પાઠ્યપુસ્તકનાં પાન નંબર-૨૨ પર આપેલ ગીતને આધારે નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો.**

(૧) વારંવાર સરખા અક્ષરો આવે એવા શબ્દો કવિતામાંથી શોધીને લખો.

| | |
|---|---|
| અલક મલક | રિમઝિમ રિમઝિમ |
| | |
| | |

(૨) આ કવિતાની તમને ગમતી ચાર પંક્તિ લખો.

| |
|---|
| |
| |
| |
| |

(૩) સૂરજના તેજે કોણ ઝળહળ ઝળહળ થશે ?

______________________________

______________________________

______________________________

(૪) સાવ ટબૂકલાં ફોરાંને શેમાં લઈ આવવાની વાત છે ?

---

---

(૫) સાચા વાક્યની સામે √ ની નિશાની કરો.

(૧) એ નદીના કિનારે ઘણાં વૃક્ષો હતાં. ☐

એ નદીના કિનારે ઘણા વૃક્ષ હતા. ☐

(૨) એ વડોના ઝાડ પર પક્ષીઓના માળા હતા. ☐

એ વડના ઝાડ પર પક્ષીઓના માળા હતા. ☐

(૩) વરસાદનાં ફોરાં હસતાં હસતાં આવે છે. ☐

વરસાદનાં ફોરાં હસતું હસતું આવે છે. ☐

(૪) આખી ધરતી પર ફેલાય એવડો ફુવારો છોડ્યો. ☐

આખી ધરતી પર ફેલાય એવડો ફુવારો છોડ્યું. ☐

(૫) વાદળાં આકાશમાં દોડવા લાગ્યાં. ☐

વાદળાં આકાશમાં દોડવા લાગ્યું. ☐

(૬) પાઠ્યપુસ્તકનાં પાના નંબર-૨૭ પર આપેલ વાર્તા વાંચો અને જે શબ્દમાં દ્ય, દ અને સૃ આવતો હોય એ શોધીને નીચે લખો.

ઉદાહરણ

| |
|---|
| પ્રદ્યોત |
| સૃજન |
| |
| |
| |

**નોંધ : વાર્તામાં ન આપેલ હોય પરંતુ તમને આવડતાં હોય તો વધુ શબ્દો અહીં લખો.**

ઉદાહરણ :

| | |
|---|---|
| વિદ્યા | |
| | |
| | |
| | |
| | |

# કદમ - ૩

**પ્રશ્ન-૧. આપેલ કાવ્યની પંક્તિઓનું અનુલેખન કરો.**

પતંગિયાને

આંગળી અડાડશો ના ભાઈ !


પતંગિયાને આંગળી અડાડશો ના ભાઈ !

નર્યું નાજુક છે એ નાનું,

મીઠ્ઠું મીઠ્ઠું અને મજાનું

અડવા જશો ના લલચાઈ ! પતંગિયાને...

**પ્રશ્ન-૨. આપેલ ચિત્ર વિશે પાંચ વાક્યો લખો.**



(૧) ______________________________

(૨) ______________________________

(૩) ______________________________

(૪) ______________________________

(૫) ______________________________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) "પતંગિયાને આંગળી અડાડશો ના ભાઈ !" - કવિએ આવું શા માટે કહ્યું ?

______________________________

______________________________

______________________________

(૨) દ્વિજને પિલ્લુની ચિંતા શા માટે થઈ ?

______________________________

______________________________

______________________________

(૩) તમે જોયેલા પતંગિયા વિશે ત્રણ વાક્ય લખો.

______________________________

______________________________

______________________________

(૪) ઈવા કેમ ઉદાસ થઈ ગઈ ?

______________________________

(૫) દ્વિજ અને ઈવા પિલ્લુની સંભાળ કેવી રીતે લેતાં ?

**પ્રશ્ન-૪. નીચે આપેલો ફકરો વાંચી આપેલ પ્રશ્નોના જવાબ લખો.**

એક બહારવટિયો હતો, નામ એનું કાદુ મકરાણી. બહારવટિયો એટલે પોતાને થયેલા અન્યાય સામે રજવાડા સાથે લડતો શૂરવીર યોદ્ધો. કાદુ મકરાણી આવો નીતિશુદ્ધ બહારવટિયો હતો. નીતિશુદ્ધ એટલે નીતિ પ્રમાણે વરતનારો. આવો બહારવટિયો કાદુ એક વખત પોલીસની ધોંસથી બચવા પોતાના એક મિત્રને ત્યાં સંતાવા આવ્યો. મિત્રનું નામ ચતુર પટેલ. ચતુર પટેલે તેને આશરો આપ્યો.

(૧) 'બહારવટિયો' કોને કહેવાય ?

(૨) બહારવટિયો રજવાડા સામે કેમ લડતો હતો ?

(૩) કાદુ મકરાણીને સંતાવાની જરૂર શા માટે પડી ?

(૪) 'આશરો' એટલે શું ?

________________________________________

________________________________________

**પ્રશ્ન-૫. આપેલ વર્તુળમાંથી ઉદાહરણ મુજબ શબ્દ જોડકાં બનાવો.**

નીચે

સાંજ અંદર

ઉપર

બહાર

રાત ઊંચા

ઠંડી

ગરમી

સવાર

દિવસ

નીચાં

**ઉદાહરણ :** દિવસ × રાત

__________ × __________

__________ × __________

__________ × __________

__________ × __________

__________ × __________

પ્રશ્ન-૬. અહીં આપેલ ઉદાહરણ વાંચો અને સમજો. શબ્દ ચોરસમાં આપેલા શબ્દો આડા-ઊભા વાંચતાં સરખા જ વંચાય છે. તમે આપેલ ચોરસમાં આવા બીજા શબ્દો લખો.

| | | |
|---|---|---|
| બ | દા | મ |
| દા | ડ | મ |
| મ | મ | રા |

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

# કદમ - ૪

**પ્રશ્ન-૧. શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો અને લખો.**

૧. કેસૂડાનું / પાદરે / હતું / એક / ઝાડ.

______________________________

૨. રસ પીએ છે / મિત્તલ / શેરડીનો.

______________________________

૩. એક મોટું / જંગલમાં / હતું / તળાવ.

______________________________

૪. ચંદ્ર પ્રકાશતો હતો / આકાશમાં / પૂનમનો.

______________________________

૫. અંધારાની બીક / લાગતી હતી / બિલેને.

______________________________

**પ્રશ્ન-૨. નીચે આપેલ બોક્સમાં તમારું મનપસંદ ચિત્ર ચોંટાડી તેના વિશે લખો.**

૧. ___________________________________

૨. ___________________________________

૩. ___________________________________

૪. ___________________________________

૫. ___________________________________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમારા આંગળાના જાદુથી તમે શું શું બનાવી શકશો ?

___________________________________

___________________________________

___________________________________

૨. હંટ્રીક શિકારીએ એક્સપ્રેસ ડોગીને શું કહ્યું ?

___________________________________

___________________________________

___________________________________

૩. એક્સપ્રેસ ડોગી સસલાને કેમ ન પકડી શક્યો ?

___________________________________

___________________________________

___________________________________

૪. એક્સપ્રેસ ડોગીનાં મોમાં પાણી કેમ આવ્યું ?

___________________________________

______________________________________________

______________________________________________

૫. આ ચિત્રવાર્તામાં જીવ બચાવવા માટે કોણ દોડતું હતું ?

(સાચા વિકલ્પ સામે √ કરો.)

એક્સપ્રેસ ડોગી ☐

હંટ્રીક શિકારી ☐

ફાસ્ટુ સસલું ☐

**પ્રશ્ન-૪. ફકરો વાંચો અને ખાલી જગ્યામાં ખૂટતાં શબ્દો મૂકી ફકરો પૂર્ણ કરો.**

(પાણી, નદી કિનારે, કબૂતર, તણાતી, પાંદડા, નવરાશના, વરસાદ, તણાવા, પાંદડું, કબૂતરે)

એક નદી હતી. ____________ એક વૃક્ષ હતું. વૃક્ષની ડાળી પર ____________ બેસતું. વૃક્ષની નીચે દરમાં કીડી રહે. બંને ____________ સમયમાં સાથે બેસીને વાતો કરે. એક વખત ખૂબ ____________ પડ્યો. ચારેબાજુ પાણી ભરાઈ ગયું. કીડીના દરમાં પણ ____________ ભરાઈ ગયું. કીડી તો ____________ લાગી. વૃક્ષની ડાળી પર બેઠેલા ____________ કીડીને ____________ જોઈ. તેણે વૃક્ષનું ____________ તોડીને કીડી પાસે નાંખ્યું. કીડી તરત જ ____________ પર ચડી ગઈ. કબૂતર પાંદડાને હળવેકથી ચાંચમાં પકડીને કિનારે લાવ્યું.

**પ્રશ્ન-૫. કૌંસમાં આપેલ ક્રિયાનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.**

૧. મેઘાએ લાલ રંગના ફુગ્ગા ____________ (ફુલાવવું)

૨. મેં ગરમાગરમ દૂધ ____________ (પીવું)

૩. અમે દોડતાં-દોડતાં ગિરનાર પર્વત પરથી ____________ (ઉતરવું)

૪. ઢીંગલીએ ગુલાબી ફ્રોક ____________ (પહેરવું)

૫. અમે ચિત્ર ____________ (દોરવું)

પ્રશ્ન-૬. આપેલ કોષ્ટકમાંથી ટ્ર અને ડ્ર વાળા શબ્દો શોધી તેનાં ફરતું ☐ કરો અને શબ્દો લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઈ | મ | ડ્રે | સ | ર | સ્ટ્રો |
| ડ્રે | લે | ખ | ટ | વ | સ |
| મ | ગ | ક | ટ્રે | ઈ | ડ્રે |
| ટો | પ | ન | ટ્રો | ડ્રા | એ |
| સ | ડ્રો | ય | લ | મા | દ્રા |
| ટ્રી | ન | ટ્રી | ન | ચં | ક |

________________ ________________

________________ ________________

________________ ________________

________________ ________________

# કદમ - ૫

**પ્રશ્ન-૧. નીચેના વાક્યોનું અનુલેખન ઉદાહરણ મુજબ કરો. વાક્યમાં બે વાર શબ્દ વપરાયો હોય ત્યાં નીચે લીટી કરો.**

**ઉદાહરણઃ** આરવના ઘરની આસપાસ પતંગિયાં ઉડાઉડ કરતાં હતાં.

(૧) બેરંગ તો ખુશ ખુશ થઈ.

(૨) તળાવના કાંઠે ઊંચા ઊંચા ઝાડ હતા.

(૩) વાંદરાઓ આખો દિવસ હૂપાહૂપ કરે.

(૪) ચાંદો પાણીમાં ડગુમગુ ડોલતો ડોલતો વિખરાઈ ગયો.

(૫) વાંદરાઓ મીઠાં ફળ ખાતાં ખાતાં આનંદથી પેટ ભરે.

**પ્રશ્ન-૨. નીચે આપેલ ચિત્ર પરથી વાક્ય બનાવો.**



(૧) ____________________

(૨) ____________________

(૩) ____________________

(૪) ____________________

(૫) ____________________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) વાંદરાઓ આખો દિવસ શું કરતા હતા ?

____________________

(૨) તળાવના શાંત જળમાં ચંદ્રનું પ્રતિબિંબ જોઈ વાંદરાના બચ્ચાંઓને શી યુક્તિ સૂઝી ?

____________________

____________________

(૩) વાંદરાના બચ્ચાં કેવાં- કેવાં તોફાન કરતાં હતાં ?

____________________

____________________

(૪) પાણીમાં દેખાતો ચાંદો કેમ વિખરાઈ ગયો?

____________________

____________________

(૫) બધા વડીલ વાંદરાઓ શા માટે ખડખડાટ હસી પડ્યા?

____________________

____________________

**પ્રશ્ન-૪. ધોરણ ૩ના પાઠ્યપુસ્તકના પાના નંબર-૭૬ પર આપેલ કવિતાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) ટપ્પુ કાચબો આખો દિવસ શું કરતો હતો ?

______________________________

______________________________

(૨) ટપ્પુ કાચબાએ કોની સાથે દોસ્તી કરી લીધી ?

______________________________

______________________________

(૩) હંસોના મનમાં ધ્રાસકો કેમ પડ્યો ?

______________________________

______________________________

(૪) કાચબાની શાહી સવારી કોણે કોણે જોઇ ?

______________________________

______________________________

(૫) હંસો લાકડી શા માટે લાવ્યા હશે ?

______________________________

______________________________

**પ્રશ્ન-૫. નીચે આપેલી જગ્યામાં યોગ્ય વિકલ્પ મૂકી વાક્ય પૂર્ણ કરો.**

(૧) ઝાડનું થડ ______________ છે. (જાડી, જાડું, જાડા)

(૨) સંધ્યા ______________ છોકરી છે. (પાતળો, પાતળું, પાતળી)

(૩) ચંદ્રા મારી ______________ બહેન છે. (નાનકડી, નાનકડું, નાનકડો)

(૪) વાંદરાં ઝાડ પરનાં ________________ ફળો ખાતાં હતાં. (મીઠું, મીઠાં, મીઠા)

(૫) પૂનમની રાતે ઝાડનો ________________ પડછાયો દેખાતો હતો. (કાળો, કાળી, કાળું )

**પ્રશ્ન-૬. નીચે આપેલ અક્ષરોમાં યોગ્ય સ્વર ચિહ્ન ઉમેરી મીઠાઈનું નામ લખો.**

**ઉદાહરણઃ** જ લ બ = જલેબી

(૧) મ હ ન થ ળ = ______________________________

(૨) સ ત ર ફ ણ = ______________________________

(૩) ક જ ક ત ર = ______________________________

(૪) ગ લ બ જ બ = ______________________________

# કદમ - ૬

**પ્રશ્ન-૧. નીચેના વાક્યોમાં જે શબ્દ યોગ્ય ન લાગે તે શબ્દ છેકી નાંખો અને વાક્ય ફરી લખો.**

**ઉદાહરણઃ**

- હું ઝડપથી દોડ્યો / અને / કે / તેથી / પણ / બસ ચૂકી ગયો.
- હું ઝડપથી દોડ્યો <u>પણ</u> બસ ચૂકી ગયો.

(૧) દેવવ્રતે આકાશમાં હંસ જોયો / અને / કે / તેથી / પણ / તે ખુશ થઈ ગયો.

______________________________________

______________________________________

(૨) બતકે ફરીથી ઊડવાનું શરૂ કર્યું / અને / કે / તેથી / પણ / પહોંચ્યું એક સુંદર સરોવર પાસે.

______________________________________

______________________________________

(૩) બતકડું દુઃખી થયું / અને / કે / તેથી / પણ / ત્યાંથી ચાલી નીકળ્યું.

______________________________________

______________________________________

(૪) જેવો તેણે બૂટમાં પગ નાખ્યો / અને / કે / તેથી / પણ / અંદર કશુંક સળવળ્યું.

______________________________________


______________________________________

(૫) રસોડામાંથી સુગંધ આવતી હતી / અને / કે / તેથી / પણ / રશ્મિએ રસોડામાં ડોકિયું કર્યું.

______________________________________

______________________________________

પ્રશ્ન-૨. ચિત્રમાં રંગપૂરણી કરી ચિત્ર વિશે પાંચ વાક્યો લખો.



**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ 'કદરૂપું બતકડું' વાર્તાને આધારે આપો.**

(૧) કદરૂપા બતકે ઘર છોડીને ચાલ્યા જવાનો નિર્ણય કેમ કર્યો ?

(૨) હંસકન્યાએ કદરૂપા બતકને શું સમજાવ્યું ?

(૩) કદરૂપા બતકે હંસકન્યાનો આભાર શા માટે માન્યો ?

(૪) બધાં બચ્ચાં બતકને 'કદરૂપું બતક' કેમ કહેતાં હતાં ?

(૫) જુવાન મરઘાએ કદરૂપા બતકને શું કહીને કાઢી મૂક્યું ?

**પ્રશ્ન-૪. કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી સંવાદ પૂર્ણ કરો.**

**(અને, પણ, તો પણ, કે, એટલે, અથવા)**

સાહિલ : હેલ્લો ! માનવ કેમ છો ? મજામાં ?

માનવ : હા, મજામાં ____________ સામાન્ય શરદી-ઉધરસ ____________ તાવ છે.

સાહિલ : દવા લીધી ____________ નહીં ?

માનવ : હા, દવા લીધી ____________ તાવ રહે છે.

સાહિલ : તો પછી કોરોનાનો રિપોર્ટ કરાવી જો ____________ સાચું નિદાન થાય.

માનવ : હા, કોરોનાનો રિપોર્ટ કરાવ્યો ____________ નેગેટિવ આવ્યો.

સાહિલ : સારું, હવે ગરમ પાણી ____________ ઉકાળો પીવાનું રાખજે.

માનવ : હા, દવા ____________ ઉકાળો બંને ચાલુ રાખીશ.

સાહિલ : સારું સાચવજે ____________ આરામ કરજે.

**પ્રશ્ન-૫. ચોરસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી ઉદાહરણ મુજબ શબ્દ જોડકાં બનાવો.**

ઉદાહરણ : સુંદર = રૂપાળું

| | | | | |
|---|---|---|---|---|
| ખાઈ | આનંદ | બેડોળ | દોસ્ત | લીલોતરી |
| વન | મજાક | વૃદ્ધ | શરમ | સુંદર |
| પસંદ | ખીણ | ખુશી | કદરૂપું | મિત્ર |
| જંગલ | મશ્કરી | ઘરડું | રૂપાળું | હરિયાળી |
| ગમતું | લાજ | ખરાબ | સરસ | શોખ |
| | | | | જંગલ |

____________ = ____________ ____________ = ____________

__________ = __________ __________ = __________

__________ = __________ __________ = __________

__________ = __________ __________ = __________

__________ = __________ __________ = __________

**પ્રશ્ન-૬. નીચે કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી અને જોડકણાંની પંક્તિ પૂર્ણ કરો.**

(ગાતી'તી, રમતી, ફરતી, કરતી, ઊડતી, કરતી)

ચકલી ડાળે <u>બેઠી'તી,</u>

ચકા સાથે __________,

મીઠી વાતો __________,

ગોળ-ગોળ __________,

ઊંચે-ઊંચે __________,

ચીં...ચીં... __________,

ગીત મજાનું __________.

# કદમ - ૭

**પ્રશ્ન-૧. નીચે આપેલ વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો.**

(૧) ''ના, મારે તો અત્યારે રમવું છે.''

(૨) ''બેટા હનુમાન, જંગલમાંથી થોડાં પાકાં ફળ લેતો આવ.''

(૩) હનુમાન ઘરની બહાર અને માતાજી અંદર.

(૪) જંગલમાં માતા અંજની અને પિતા કેસરી સાથે પુત્ર હનુમાન રહે.

(૫) હનુમાન બધા કામ ખૂબ ઝડપથી પતાવી દે.

(૧) ____________________

(૨) ____________________

(૩) ____________________

(૪) ____________________

(૫) ____________________

**પ્રશ્ન-૨. નીચે આપેલ ચિત્ર વિશે પાંચ વાક્યો લખો.**



(૧) ____________________

(૨) ____________________

(૩) ____________________

(૪) ____________________

(૫) ____________________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.**

(૧) નાનકડા હનુમાન ઘરમાં શું કરતા હતા ?

____________________

____________________

(૨) માતાએ હનુમાનને શું વિચારીને કામ સોંપ્યું ?

____________________

____________________

(૩) હનુમાન પોતાના શરીરને નાનું-મોટું કેવી રીતે કરતા હતા ?

____________________

____________________

(૪) લંકાના રાક્ષસો કેમ નાસભાગ કરવા લાગ્યા ?

____________________

____________________

(૫) હનુમાન ‘વાનર’નો શો અર્થ સમજાવે છે ?

____________________

____________________

**પ્રશ્ન-૪. ધોરણ ૩ના પાઠ્યપુસ્તકના પાના નંબર ૧૧૩ પર આપેલ કવિતાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) સીતાજીનો સંદેશો રામને કોણે આપ્યો ?

_______________________________________________

(૨) અશોક વન ક્યાં હતું ?

_______________________________________________

(૩) રાક્ષસોની ભૂમિ કેવી છે ?

_______________________________________________

(૪) રાવણ કોણ હતો ?

_______________________________________________

(૫) કાવ્યને આધારે ખાલી જગ્યા પૂરો.

દસ એના ____________ ને વીસ એના ____________ છે.

**પ્રશ્ન-૫. રેખાંકિત શબ્દની જગ્યાએ સમાન અર્થ વાળો શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો.**

**ઉદાહરણ:**

- એક સરસ મજાનું **જંગલ** હતું.
- એક સરસ મજાનું વન હતું.

(૧) હનુમાનજી રામને **સંદેશો** આપશે.

_______________________________________________

(૨) આ વાનરને હમણાં જ **જેલમાં** પૂરો.

_______________________________________________

(૩) હનુમાન તો **<u>કૂદકો</u>** મારીને આસન પર બેસી ગયા.

______________________________________________

(૪) શ્રીરામનું નામ સાંભળતાં જ રાવણને **<u>ક્રોધ</u>** આવ્યો.

______________________________________________

(૫) સીતાજીને રામ પર અડગ **<u>વિશ્વાસ</u>** હતો.

______________________________________________

**પ્રશ્ન-૬. નીચે આપેલ કોષ્ટકમાંથી પાઠમાં આવતા અને પાઠમાં ન આવતા શબ્દો શોધો અને જુદા પાડીને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| હ | સ | લં | મ | ન | મા |
| સ | નુ | રા | કા | મં | સી |
| વા | મુ | મા | આ | ત્રી | ભા |
| ન | વ | દ્ર | ન | ગ | ર |
| ર | ન | વ | સી | તા | ત |

**ઉદાહરણ :**

| પાઠમાં આવતા શબ્દો | પાઠમાં ન આવતા શબ્દો |
|---|---|
| <u>હનુમાન</u> | <u>સમુદ્ર</u> |
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |

# કદમ - ૮

**પ્રશ્ન-૧. નીચે આપેલ વાક્યોને દૈનિક ક્રિયાનાં ક્રમમાં ગોઠવો.**

(૧) ગણવેશ પહેરી શાળાએ ગયાં.

(૨) પ્રાર્થના સભામાં રજૂઆત કરી.

(૩) બ્રશ વડે દાંત સાફ કર્યા.

(૪) ગરમ પાણીથી સ્નાન કર્યું.

(૫) રિસેસમાં મિત્રો સાથે રમ્યા.

(૧) ______________________________


(૨) ______________________________

(૩) ______________________________

(૪) ______________________________

(૫) ______________________________

**પ્રશ્ન-૨. કોણ ક્યાં સંતાયું છે ? ચિત્રમાં જોઈને લખો.**



**ઉદાહરણ :** જીરાફ વૃક્ષની પાછળ સંતાયું છે.

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) ટીકુ કીડીએ ચંદુ હાથી સાથે કુસ્તી કરવાની કેમ ના પાડી ?

(૨) ટીકુ કીડીએ ચંદુ હાથીને સાવ ભોળો કેમ કહ્યો ?

(૩) ટીકુ કીડી ચંદુ હાથીના કાન પાછળ સંતાઈ ગઈ છતાં ચંદુને કેમ ખબર ન પડી ?

(૪) ચંદુ હાથી મોટા મોટા ગોળ પથ્થરો વચ્ચે શા માટે સંતાઈ ગયો ?

૫. ચંદુ હાથી અને ટીકુ કીડી 'દર...દર...' રમ્યા હોત તો કોણ જીતી જાત ? કેમ ?

**પ્રશ્ન-૪. ધોરણ ૩ના પાઠ્યપુસ્તકના પાના નંબર ૧૨૯ પર આપેલ ગીત 'ચિત્ર ગયું બદલાઈ' ને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) રામુએ રાતના આકાશમાં શું શું જોયું ?

(૨) પંખીઓ શું કરતાં હતાં ?

(૩) રામુ પીંછી લઈને શું કરવા માંગતો હતો ?

(૪) સવાર પડતાં આભનું ચિત્ર કેમ બદલાઈ ગયું ?

(૫) કાવ્ય પંક્તિના જે શબ્દ પર બિંદી આવે તે શબ્દ અહીં લખો.

ઉદાહરણ : પીંછી

________________ , ________________ , ________________

________________ , ________________ , ________________

**પ્રશ્ન-૫. નીચે આપેલ વાક્યોને આજ, ગઈકાલ, આવતીકાલનાં ખાનામાં મૂકો.**

- નીલા સફરજન ખાય છે.
- કાલે રવિવાર હતો.
- આંશી પુસ્તક વાંચશે.
- વિરાજ હાથ ધૂએ છે.
- મારી પાસે ચાર પેન હતી.
- દાદીમા વાર્તા કહેશે.
- પતંગિયા ફૂલ પર ઊડે છે.
- દિવ્યા ધૂળમાં રમતી હતી.
- જાવેદ ફૂલ છોડ રોપશે.

| **આજ** | **ગઈકાલ** | **આવતીકાલ** |
|---|---|---|
| | | |
| | | |
| | | |

**પ્રશ્ન-૬. નીચે આપેલ કોષ્ટકમાંથી કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધીને લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| દો | દ | પં | ઝા | ડ |
| સ્તી | રિ | ખી | રં | ક |
| હ | યો | કા | ગ | ળ |
| ર્યા | કે | શે | રં | પ્પા |
| ભ | કો | ર | ગ | પ |
| ર્યા | હો | ડી | મ | મ્મી |

| **દરિયો** | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |

# કદમ - ૯

**પ્રશ્ન-૧. નીચે આપેલા કાવ્યપંક્તિઓનું અનુલેખન કરો.**

મમ્મી, મમ્મી, ફોટો પાડું ?

બોલ, સાચો કે ખોટો પાડું !

મલક મલક તો થાય તું થોડું

નહીં તો ચહેરો રોતો પાડું !

જૂઈ ચમેલી અઢેલી ઊભ

ગુલાબ જોડે જો બેઠો પાડું !

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૨. ચિત્રમાં દેખાતાં શાકભાજી વિશે એક-એક વાક્ય લખો.**



**ઉદાહરણ :** ટમેટું - ટમેટું લાલ રંગનું છે.

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) શીરીનને ગળ્યું વ્રત કરવાની શા માટે મજા આવી ?

(૨) તીખા વ્રતને લીધે શીરીનના શા હાલ થયા ?

(૩) શીરીને શા માટે ચમચી ભરીને મધ મોઢામાં મૂક્યું ?

(૪) શીરીન કેમ રડવા જેવી થઈ ગઈ ?

(૫) શીરીને કયા કયા વ્રત કર્યા ?

**પ્રશ્ન-૪. ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.**

આરાધ્યાના ત્રણ દાંત સડી ગયેલા. તેને ખૂબ દુખાવો થતો હતો. મમ્મી પપ્પા એને દાંતના ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટરે આરાધ્યાને લાંબી ખુરશી પર બેસાડી. તેમણે આરાધ્યાના નાનકડા મોઢામાં નાનકડો ગોળ અરીસો નાંખ્યો અને દાંત તપાસીને પછી, તેમણે આરાધ્યાના દાંત મશીનથી સાફ કરી આપ્યા. તેમણે આરાધ્યાને કહ્યું, "હવે નહીં દુઃખે ! પણ હવેથી મોં બરાબર સાફ રાખવાનું. કંઈ પણ ખાધા કે પીધા પછી, મોંમાં પાણી ભરી કોગળા કરવાના. સવારે ઊઠીને તરત બ્રશ કે દાતણ કરવાનું અને રાતે સૂતાં પહેલાં તો ખાસ, ભૂલ્યા વગર બ્રશ કે દાતણ કરવાનું." ડૉક્ટરે આરાધ્યાને કોગળો કરી બતાવ્યો. તેમણે બ્રશને ઉપર-નીચે, અંદર-બહાર ફેરવવાની સાચી રીત પણ બતાવી.

૧. આરાધ્યાને દાંતમાં દુઃખાવો કેમ થતો હતો ?

૨. ડૉક્ટરે આરાધ્યાના દાંત કેવી રીતે તપાસ્યા ?

૩. ડૉક્ટરે આરાધ્યાને મોં સાફ રાખવાનું શા માટે કહ્યું ?

૪. ડૉક્ટરે આરાધ્યાને ક્યારે-ક્યારે કોગળા કરવાનું કહ્યું ?

---

---

૫. બ્રશ કરવાની સાચી રીત લખો.

---

---

**પ્રશ્ન-૫. ઉદાહરણ પ્રમાણે વાક્યો બનાવો.**

| વૈભવ | ગઈકાલ | આજ | આવતીકાલ |
|---|---|---|---|
| રમવું | વૈભવ રમ્યો. | વૈભવ રમે છે. | વૈભવ રમશે. |
| જમવું | | | |
| કુદવું | | | |
| હસવું | | | |
| દોડવું | | | |
| ફરવું | | | |

**પ્રશ્ન-૬. તમારા ઘરે બનતી વાનગીનું નામ લખો અને તેમાં કયા કયા સ્વાદ ઉમેરાય છે ? યોગ્ય ખાનામાં √ કરો.**

| વાનગી | ગળ્યો | ખારો | ખાટો | તીખો |
|---|---|---|---|---|
| શીરો | | | | |
| દહીંવડાં | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

# કદમ - ૧૦

**પ્રશ્ન-૧. નીચે આપેલાં વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો.**

(૧) એ તો બિલકુલ મૂર્તિની જેમ આંખો બંધ કરીને સ્થિર બેઠો.

(૨) “અરે, આ ઝાડ પર તો બ્રહ્મરાક્ષસ નામનું ભૂત રહે છે.”

(૩) આ બિલેનું સાચું નામ હતું નરેન્દ્ર.

(૪) બિલેને પશુ પંખી પણ એટલાં જ ગમે.

(૫) બિલેને વડવાઈના હીંચકા બહુ ગમે.

(૧) ____________________


(૨) ____________________

(૩) ____________________

(૪) ____________________

(૫) ____________________

**પ્રશ્ન-૨. ચિત્રને આધારે પાંચ વાક્યો લખો.**



**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.**

(૧) બિલે મોટો થઈને શું બનવા માંગે છે ?

(૨) બિલે કેવી રીતે હીંચકા ખાતો ?

(૩) બિલને છોકરાઓની બૂમ કેમ સંભળાઈ નહીં ?

(૪) આ વાર્તામાં કયાં કયાં પશુ-પક્ષીનાં નામ આવે છે ?

(૫) બિલેનું સાચું નામ શું હતું ? તેઓ મોટા થઈને કયા નામે ઓળખાયા ?

પ્રશ્ન-૪. કાવ્યને આધારે નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.

રમશું રમશું રેલમછેલ
હળશું મળશું કરશું ગેલ
ખડખડ હસવું ખેલમખેલ
રમશું રમશું રેલમછેલ
ભલો શિયાળો, ટાઢ મજાની
ભલો ઉનાળો, લૂય મજાની
વરસાદે વાછંટ મજાની
બારે માસ મજાની ગમ્મત
ધિંગામસ્તી ઠેલમઠેલ
રમશું રમશું રેલમછેલ

- **કાવ્યમાંથી ઉદાહરણ મુજબનાં બીજા શબ્દો શોધીને લખો.**

ઉદાહરણ : દોડમદોડ

______________________________

______________________________

______________________________

______________________________

- **ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી વાક્ય પૂર્ણ કરો.**

વરસાદે ______________ મજાની. (વાછટ, છાલક)

ભલો શિયાળો, ______________ મજાની. (ઠંડી, ટાઢ)

ભલો ઉનાળો, ______________ મજાની. (લહેર, લૂ)

- ગીતમાં શાની રેલમછેલ કરવાની છે ?

---

---

**પ્રશ્ન-૫. ખોટો અક્ષર કે શબ્દ છેકીને વાક્ય ફરીથી લખો.**

(૧) મુક્કાબાજી / એની / એનો / એનું / ગમતી કસરત હતી.

---

(૨) બિલેએ મિત્રો / ને / ની / નું / ધ્યાન / ની / નો / નું / રમત શીખવાડી.

---

(૩) હું મોટો / મોટી / મોટું / થઈને ઘોડા / નો / ની / ના / રખેવાળ બનીશ.

---

(૪) બિલેને બીક લાગતું / લાગતો / લાગતી / નહીં.

---

(૫) વડીલે બિલને હીંચકા ન ખાવા / ની / ના / નો / શિખામણ / આપ્યો / આપી / આપ્યા.

---

**પ્રશ્ન-૬. પાઠમાં આવતા નીચેના શબ્દો કોષ્ટકમાંથી શોધીને શબ્દ ફરતું ⬭ કરો અને લખો.**

(નરેન્દ્ર, રમતિયાળ, મુક્કાબાજી, વડવાઈ, હોંશિયાર, મંદિર, મૂર્તિ, વડવાગોળ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| વ | ર્તિ | વ | ટ | વ | ન |
| મૂ | ડ | ચ | ડ | ખ | રે |
| ન | શ | વા | ખ | ઈ | ન્દ્ર |
| શ | ઈ | લા | ગો | ર | દ |
| ર | મ | તિ | યા | ળ | મં |
| યા | પુ | મુ | ર | મા | દિ |
| શિ | ચં | દ્રા | શ | દ | ર |
| હોં | જ | મુ | ક્કા | બા | જી |

______________________ ______________________

______________________ ______________________

______________________ ______________________

______________________ ______________________

# ચાલો, ચકાસીએ

**પ્ર.૧ (અ) નીચેનાં વાક્યોને જોઈને લખો.**

- આકાશમાં પૂનમનો ચંદ્ર પ્રકાશતો હતો.

- "હે ભગવાન, આ છોકરો મને જંપવા જ દેતો નથી !"

- શ્રીરામનું નામ સાંભળતાં જ રાવણને ક્રોધ આવ્યો.

- એ તો બિલકુલ મૂર્તિની જેમ આંખો બંધ કરીને સ્થિર બેઠો.

- વાદળાં ખૂબ મોટાં કાળા વાદળની પાછળ ભેગાં થઈ ગયા.

**પ્ર.૧ (બ) સાચું હોય તો √ કરો, ખોટું હોય તો × કરો.**

૧. તે કદરૂપું બતક નહીં પણ એક સુંદર રાજહંસ હતો. ☐

૨. વાદળાં રંગબેરંગી કપડાં પહેરીને ફરવા નીકળ્યાં. ☐

૩. પતંગિયાનાં ઈંડાં લખોટી જેવાં હતાં. ☐

૪. ફાસ્ટુ સસલું જીવ બચાવવા ઝડપથી દોડતું હતું. ☐

૫. રાવણે બીજા રાજ્યમાંથી આવનાર મહેમાનનું માન જાળવ્યું. ☐

**પ્ર.૧ (ક) નીચેના વાક્યો કોણ બોલે છે તે કહો.**

૧. "અરે, આ ઝાડ પર તો બ્રહ્મરાક્ષસ નામનું ભૂત રહે છે."

૨. "હું આજે ફક્ત ગળ્યું ગળ્યું જ જમીશ."

૩. "ના મારે તો અત્યારે જ રમવું છે."

૪. "દીદી, પિલ્લુંને કંઈ થઈ તો નથી ગયું ને ! તે સુતો છે ને !"

૫. "પણ ઘર હોય તો ઓછી ઠંડી લાગે."

**પ્ર.૨ (અ) નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો.**

૧. વાંદરાનું નામ શું હતું ?

૨. ટીકુબેનને શું બહુ ગમતું ?

૩. વાદળાં કોની સાથે જોરથી હસવા લાગ્યાં ?

૪. કોશેટામાંથી શું બહાર આવ્યું ?

૫. ફાસ્ટુ સસલુ શા માટે ઝડપથી દોડતું હતું ?

૬. વાંદરાઓ આખો દિવસ શું કરતા હતા ?

૭. બતકી બધાં બચ્ચાને શું શીખવવા લઈ ગઈ ?

૮. હનુમાન 'વાનર'નો શો અર્થ સમજાવે છે ?

૯. ચંદુ અને ટીકુ કઈ રમત રમ્યાં ?

૧૦. શીરીને કયા કયા વ્રત કર્યાં ?

**પ્ર.૨ (બ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.**

૧. ઘર વગર વાંદરાઓને કઈ કઈ મુશ્કેલી પડી ?

૨. બિલેને છોકરાઓની બૂમો કેમ સંભળાઈ નહીં ?

૩. ટીકુ ચંદુને કેમ શોધી ના શકી ?

૪. સૈનિકોએ હનુમાનની પૂંછડી કેવી રીતે સળગાવી ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

૫. બધાં બચ્ચાં બતકને 'કદરૂપું બતક' કેમ કહેતાં હતાં ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**પ્ર.૩ (અ) આપેલા શબ્દોમાંથી ઓછામાં ઓછા ત્રણ શબ્દ બનાવો.**

ઉદાહરણ : નવજીવન = નવ, વન, જીવન

રાજહંસ = __________ , __________ , __________

માનસરોવર = __________ , __________ , __________

ભાવનગર = __________ , __________ , __________

સફરજન = __________ , __________ , __________

અમદાવાદ = __________ , __________ , __________

**પ્ર.૩ (બ) વધારાની માહિતી ઉમેરી વાક્ય લાંબું કરો.**

ઉદાહરણ : મારા ઘરે ગાય છે.

મારા ઘરે રાતી ગાય છે.

૧. એક કાચબો હતો.

_______________________________________________

_______________________________________________

૨. બિલે નામનો એક છોકરો હતો.

______________________________________________

______________________________________________

૩. લીમડા પર પતંગિયાનો મેળો જામેલો.

______________________________________________

______________________________________________

૪. રશ્મિકાને ફૂલ ગમે છે.

______________________________________________

______________________________________________

૫. ટીકુ ઝાડ પાછળ સંતાઈ ગઈ.

______________________________________________

______________________________________________

**પ્ર.૪ (અ) કૌંસમાં આપેલ ક્રિયાનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.**

૧. રુદ્રએ ગઈકાલે લગ્નમાં પૂરી ______________ (ખાવું)

૨. અંકિત રજાઓમાં અમદાવાદ ______________ (જવું)

૩. શુભમ્ પુસ્તક ______________ છે. (વાંચવું)

૪. શીરીનબહેન શીરો ______________ (જમવું)

૫. સુરેન્દ્રએ પતંગ ______________ (ચગાવવું)

**પ્ર.૪ (બ) યોગ્ય જોડકાં જોડો.**

| | 'અ' | | 'બ' |
|---|---|---|---|
| ૧. | હનુમાન | ક. | અશોકવાટિકા |
| ૨. | સીતા | ખ. | અયોધ્યાના રાજા |
| ૩. | રાવણ | ગ. | સોને મઢેલી |
| ૪. | લંકા | ઘ. | રામદૂત |
| | | ચ. | લંકાનો રાજા |

**પ્ર.૫ (અ) નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

ઉદાહરણ : હાંફતા-હાંફતા

હાથી હાંફતો-હાંફતો કીડીબેન પાસે ગયો.

૧. મરક-મરક

---

૨. રમતાં-રમતાં

---

૩. ઊંચા-ઊંચા

---

૪. જોતાં-જોતાં

---

૫. દોડતાં-દોડતાં

---

પ્ર.૫ (બ) નીચે આપેલું ચિત્ર ધ્યાનથી જુઓ અને ચિત્ર વિશે પાંચ વાક્યો લખો.



**પ્ર.૬ ધોરણ ૩ના પાઠ્યપુસ્તકમાંથી તમને ગમતા ફકરાનું અનુલેખન કરો.**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્ર.૭ તમારા ભાઈબહેન કે મિત્ર બોલે તેવા દસ શબ્દોનું શ્રુતલેખન કરો.**

______________ ______________

______________ ______________

______________ ______________

______________ ______________

______________ ______________

**પ્ર.૮ ઉદાહરણ મુજબ શબ્દો બનાવો.**

**ઉદાહરણ :** ક. સ. ડ. - કેસૂડો

ફ. ગ. ણ. ય. - ______________

પ. ચ. ક. ર. - ______________

અ. બ. લ. - ______________

ક. ય. લ. ડ. - ______________________

વ. સ. ત. - ______________________

પ્ર.૯ મારી મમ્મી વિષે પાંચ વાક્ય લખો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

પ્ર.૧૦ તમને ગમતું ગીત લખો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્ર.૧૧ સાચા વાક્ય સામે √ કરો.**

૧. છોકરો દોડી. ☐

છોકરો દોડ્યો. ☐

છોકરો દોડ્યું. ☐

૨. છોકરી દોડી. ☐

છોકરી દોડ્યો. ☐

છોકરી દોડ્યું. ☐

૩. છોકરું દોડી. ☐

છોકરું દોડ્યો. ☐

છોકરું દોડ્યું. ☐

૪. ઘોડો દોડી. ☐

ઘોડો દોડ્યો. ☐

ઘોડો દોડ્યું. ☐

૫. ગલૂડિયું દોડી. ☐

ગલૂડિયું દોડ્યો. ☐

ગલૂડિયું દોડ્યું. ☐

**પ્રશ્ન-૧૨. વાક્યમાં ખૂટતો અક્ષર લખો. (નો, ની, નું, નાં)**

૧. પોપટ _______ રંગ લીલો છે.

૨. પોપટ _______ ચાંચ લાલ છે.

૩. પોપટ _______ પીંછાં સુંદર છે.

૪. પોપટ _______ પગ રાતા છે.